Shree Ghoghari Lohana Mahajan, Mumbai (પબ્લીક ટ્રસ્ટ રજી. ન. એ-૧૫૮૬-બી)

શ્રી ઘોઘારી લોહાણા

# સંદેશ

શ્રી ઘોઘારી લોહાણા મહાજન - મુંબઈનું મુખપત્ર

લોહાણા ભવન, પાલીરામ રોડ, અંધેરી (વેસ્ટ), મુંબઈ - ૪૦૦ ૦૫૮. - મોબાઈલ : +૯૧ ૯૯૮૭૨૪૦૪૦૪
ફોન : +૯૧ - ૨૨ - ૨૬૨૮ ૩૭૧૫ - E-mail : secretary@sglm.in - Website : www.sglm.in

તંત્રી : શ્રી રમેશ હરીલાલ ગઢીયા - સહતંત્રી : શ્રીમતી મીનાબેન પ્રકાશભાઈ મગદાણી, શ્રીમતી દિવ્યાબેન ચેતનભાઈ અઢીયા

વર્ષ - ૩ અંક - ૬ એપ્રિલ ૨૦૧૯ મુલ્ય - રૂા. ૫/-



## પ્રમુખ સ્થાનેથી

આત્મીય જ્ઞાતિજનો,

પ્રમુખ તરીકેની મુદત પૂર્ણ થવાના આરે છે, તે સમયે અમારી સમસ્ત ટીમ વતી આપ સૌ જ્ઞાતિજનોએ અમને જે પ્રેમ તથા સાથ - સહકાર આપ્યો છે, તે બદલ ખૂબ ખૂબ આભાર માનું છું.

ઈ.સ. ૨૦૧૩માં અમારી ટીમે સ્વ. કનુભાઈ મગદાણીના નેતૃત્વ હેઠળ ઘોઘારી લોહાણા મહાજનનો કાર્યભાર સંભાળ્યો, ત્યારે સમાજ હિત માટે ૧૧(અગિયાર) મુદ્દાનો કાર્યક્રમ નક્કી કર્યો હતો.

૧) સમાજ માટે અદ્યતન સુવિધા સાથેની મહાજન વાડી બનાવવી અને જ્ઞાતિજનોને નજીવા દરે ઉપલબ્ધ કરાવવી.

૨) મેડીકલ અને શિક્ષણના ખર્ચ માટેની જરૂરિયાતો અંગે પ્રોફેશનલ સર્વે કરીને વિગતો પ્રાપ્ત કરવી.

૩) તે માહિતીના આધારે જ્ઞાતિજનોની જરૂરિયાતો પૂર્ણ કરવી.

૪) મેડીકલ, શિક્ષણ ઉપરાંત જીવન જરૂરિયાત માટે આર્થિક સહાય તથા એકલા રહેતા વૃધ્ધ જ્ઞાતિજનોના પ્રશ્નોના ઉકેલ માટે સહાય રૂપ થવું.

૫) સમૂહ લગ્ન, જનોઈ તથા લગ્નોત્સુક યુવક - યુવતીનો પરિચય મિલન સમારંભ.

૬) જીણા બોઘાની વાડી તથા અંધેરી મહાજન વાડીની જગ્યાના પ્રશ્નોનું નિરાકરણ.

૭) મહાજનની ઑફિસને અદ્યતન બનાવવી.

૮) મહાજનના બંધારણ મુજબ પારદર્શક વ્યવસ્થિત કાર્યવાહી કરવી.

૯) રમત - ગમત, સ્નેહ - મિલન તથા જ્ઞાતિજનો માટે યાત્રાનું આયોજન.

૧૦) તબીબી, પરીક્ષણ કેન્દ્ર શરૂ કરવા.

૧૧) રોજગાર લક્ષી યોજનાઓ ઘડવી.

આ ૧૧(અગિયાર) મુદ્દાઓના મોટા ભાગના વચનોની વચનપૂર્તિ અમારી ટીમે કરી છે. ફક્ત ૫, ૬ અને ૧૧ના મુદ્દાઓમાં સંતોષકારક પ્રગતિ સાધી શકાઈ નથી. પરંતુ તેમાં પણ ખૂબ સુંદર કાર્યવાહી ચાલુ છે. ઘોઘારી મહિલા સમાજ તથા યુવક મંડળ, સમૂહ જનોઈ તથા પરિચય - મિલનના કાર્યક્રમો સારી રીતે યોજે છે.

જીણા બોઘાની વાડીનો કબજો ફરીથી આપણા સમાજ પાસે આવી ગયો છે. અંધેરી મહાજન વાડી મિલકતમાં ઘણી બધી ગુંચવણો ભૂતકાળમાં પેદા કરાઈ છે, અને કાનુની રાહે તેને ઉકેલવાનું કાર્ય ખૂબ સુંદર રીતે ચાલી રહ્યું છે.

રોજગાર લક્ષી યોજનાના ૧૧મા મુદ્દા માટે મહાજનશ્રીએ સ્ટેન્ડ અપ ઘોઘારી, સ્ટાર્ટ અપ ઘોઘારી નામની સ્વ રોજગાર લક્ષી યોજના શરૂ કરી છે, જેનો લાભ પણ કેટલાક જ્ઞાતિજનોને પ્રાપ્ત થયો છે.

હવે, પછીની ટીમ અમારા અધૂરા કાર્યો પૂર્ણ કરશે તથા સમાજના હિતના અન્ય કાર્યો પણ હાથ ધરશે, તેવી અપેક્ષા અસ્થાને નહીં ગણાય.

મહાજનનું વર્ષો જૂનું બંધારણ સુધારીને સમાજના હિતને પ્રાથમિકતા આપીને આધુનિક યુગ સાથે તાલ મિલાવતું નવું બંધારણ સમસ્ત જ્ઞાતિજનોની સંમતિ સાથે અમલમાં મૂકાયું છે.

તે બંધારણને અનુલક્ષીને વરણી સમિતિ હવે પછીની ટર્મ માટે નવા પ્રમુખ, ઉપપ્રમુખ તથા ટ્રસ્ટીઓની વરણી કરવા માટે કાર્યરત છે. અને આ અંક આપના હાથમાં આવશે, ત્યાં સુધી વરણી સમિતિનું કાર્ય કદાચ પૂર્ણ પણ થઈ ગયું હશે.

ફરી એક વખત આપ સૌનો ખૂબ ખૂબ આભાર.

- સતીષ વિઠલાણી

VAJANI

ફરજ • આદર • ગર્વ

*Choicest Compliments of the Season From*

# *Vajani Foundation*

Philanthropic Initiative of the Vajani Family under the virtuous leadership of
Smt. Bina Prajesh Vajani

**The best way to find yourself is to lose yourself in the service of others.**

**Harmony is when what you think, what you say and what you do are in harmony,**

**Mahatama Gandhi**

54, Anand Lok, New Delhi - 110 049.

Krishna Villa, Monghibai Road, Vile Parle [East], Mumbai - 400 057.

T: (B) +9 (11) 4167 4442 / 4167 4443 I E: vajanifoundation@vajanis.com

# તંત્રી સ્થાનેથી

પ્રિય જ્ઞાતિબંધુઓ,

પુલવામામાં થયેલા આતંકી હુમલામાં વીરગતિ પામેલા આપણા વીર જવાનોને આપણા સમાજ તરફથી શ્રધ્ધાંજલિ અર્પણ કરૂં છું, અને શહીદ થયેલા વીર જવાનોના પરિવારોને પરમ કૃપાળુ પરમાત્મા આ વજ્રાઘાત સહન કરવાની શક્તિ આપે એ જ પ્રાર્થના કરૂં છું.

ઈ.સ. ૨૦૧૯નો એક બીજો અંક આપની સમક્ષ રજુ કરીએ છીએ. આપણા મહાજનની પ્રવૃત્તિઓ જેવી કે આર્થિક, શૈક્ષણિક, તબીબી, ઔષધીય, અન્ન સહાય તથા સામાજિક પ્રવૃત્તિઓ જેવી કે વડલો, મહિલા સમાજની પ્રવૃત્તિ નવીન યુવા સમિતિની પ્રવૃત્તિ, રમત-ગમત ક્ષેત્રની પ્રવૃત્તિ વગેરેનો સચિત્ર અહેવાલ આપની સમક્ષ રજુ કરીએ છીએ.

આપના પ્રતિભાવો અંગે અમારી અપેક્ષાઓ ઘણી છે. આશા છે કે, આપ આપના પ્રતિભાવો જણાવી અમને નિરાશ કરશો નહીં.

આ અહેવાલ તૈયાર કરવામાં સહાયરૂપ બનેલી સર્વે વ્યક્તિઓ અને જાહેરખબર દાતાઓનો ખૂબ ખૂબ આભારી છું.

**- રમેશ હરીલાલ ગઢીયા**

# કારોબારી સમિતિ અહેવાલ

## કારોબારી સમિતિ - અહેવાલ - ૧
## તારીખ ૧૩.૦૧.૨૦૧૯

શ્રી ઘોઘારી લોહાણા મહાજનની કારોબારી સમિતિની સભા તારીખ ૧૩.૦૧.૨૦૧૯ના રોજ રવિવારે સવારે ૧૦.૩૦ કલાકે શ્રી ઘોઘારી લોહાણા, મહાજન વાડી, અંધેરી (પશ્ચિમ), મુંબઈ - ૪૦૦ ૦૫૮ ખાતે મળી હતી. જેમાં અગત્યના કામો અને પ્રશ્નો અંગે વિચારણા કરવામાં આવી હતી.

### કાર્યસૂચિ

૧) ગત સભા તારીખ ૧૮.૧૧.૨૦૧૮ની મીનીટ્સનું વાંચન માનદ્‌મંત્રી જતીનભાઈ દ્વારા કરવામાં આવ્યું હતું.

૨) તારીખ ૦૧.૦૪.૨૦૧૮ થી તારીખ ૩૧.૧૨.૨૦૧૮ સુધીના હિસાબોની પારદર્શી રજુઆત, શ્રી અજીતભાઈ ઠક્કરની અનિવાર્ય સંજોગોને કારણે અનુપસ્થિતિ હોવાથી શ્રી કવિતભાઈ ગઢીયા દ્વારા કરવામાં આવી હતી.

૩) મુંબઈની ઝીણા બોઘાની વાડી તથા અંધેરી વાડીના મકાનને લગતા પ્રશ્નોની વિગતવાર ચર્ચા કરવામાં આવી હતી. પ્રમુખશ્રી સતીષભાઈ વિઠલાણીએ મુંબઈ મકાનનું કામ સંભાળનાર સંનિષ્ઠ કાર્યકર શ્રી નિમેષભાઈ સાયાણી, શ્રી અજીતભાઈ ઠક્કર તથા શ્રી જનકભાઈ ઠક્કરની પ્રશંસા કરી હતી.

અંધેરી વાડી બાબતે રજુઆત કરતાં, પ્રમુખ શ્રી સતીષભાઈ વિઠલાણીએ ચેરમેન, ટ્રસ્ટી શ્રી કુણાલભાઈ વજાણી તથા માનદ્‌મંત્રી શ્રી રાજેન્દ્રભાઈ રાયચુરાના કાર્યની પ્રશંસા કરી હતી.

૪) માનદ્‌મંત્રી શ્રી પ્રકાશભાઈ મગદાણીએ તેમને સોંપાયેલ આગામી કાર્યક્રમ મેડિકલ કેમ્પ વિશેની વિસ્તૃત જાણકારી પૂરી પાડી હતી.

૫) માનદ્‌મંત્રી શ્રી રાજેન્દ્રભાઈ રાયચુરાએ મહાજનશ્રીમાં નવા સભ્ય બનેલા પરિવારોના નામોની રજુઆત કરી હતી.

૬) પ્રમુખ શ્રી સતીષભાઈ વિઠલાણીની રજાથી વધારાના કાર્યક્રમો જેવા કે, સરકારની જનહિત અંગેની વિવિધ યોજનાઓ, મહાજનશ્રી દ્વારા કરવામાં આવતી તબીબી અને શૈક્ષણિક સહાય અંગે જાણકારી, યાત્રા પ્રવાસનું આયોજન, સાંસ્કૃતિક કાર્યક્રમ બાબત, અનાજ વિતરણ, વાડીના **INSURANCE** બાબત, વરણી સમિતિ અને સલાહકાર સમિતિની હવે પછીની મીટીંગ બાબત,

કાર્યાલય ૩૬૫ દિવસ ચાલુ રહે તે માટે સ્ટાફના આયોજનને લગતી જવાબદારીઓ લાગતા વળગતાં સભ્યોને સોંપવામાં આવી હતી.

કારોબારી સમિતિની આગામી બેઠકની તારીખ તથા સમય સર્વાનુમતે નક્કી કરવામાં આવ્યા હતાં.

ત્યારબાદ, વધારાનું કોઈપણ કામકાજ ન રહેતા સભા પૂર્ણ જાહેર કરાઈ હતી.

## કારોબારી સમિતિ અહેવાલ – ૨
## તારીખ : ૧૦.૦૩.૨૦૧૯

શ્રી ઘોઘારી લોહાણા મહાજનની કારોબારી સમિતિની સભા તારીખ ૧૦.૦૩.૨૦૧૯ ના રોજ રવિવારે સવારે ૧૦.૩૦ કલાકે શ્રી ઘોઘારી લોહાણા મહાજનવાડી, અંધેરી (પશ્ચિમ), મુંબઈ - ૪૦૦ ૦૫૮ ખાતે મળી હતી. જેમાં અગત્યના કામો અને પ્રશ્નો અંગે વિચારણા કરવામાં આવી હતી.

સૌ પ્રથમ પુલવામાના શહીદોને શ્રધ્ધાંજલી આપવામાં આવી હતી. ઉપરાંત મહાજનના ટ્રસ્ટી શ્રીમતી સૂર્યાબેન રૂપારેલીયા તથા શ્રી લક્ષ્મીકાંતભાઈ ઠક્કરના સારા સ્વાસ્થ્ય માટે શુભેચ્છા પાઠવવામાં આવી હતી.

### કાર્યસૂચિ

૧) ગત સભા તારીખ ૧૩.૦૧.૨૦૧૯ની મિનિટ્સનું વાંચન કરવામાં આવ્યું હતું.

૨) તારીખ ૦૧.૦૪.૨૦૧૮ થી તારીખ ૨૮.૦૨.૨૦૧૯ સુધીના હિસાબોની પારદર્શી રજુઆત શ્રી અજીતભાઈ ઠક્કર દ્વારા કરવામાં આવી હતી.

૩) આગામી વર્ષ ૨૦૧૯-૨૦૨૦ ના બજેટની રજુઆત શ્રી અજીતભાઈ ઠક્કર દ્વારા કરવામાં આવી હતી. અને દરેક સમિતિના કન્વીનરને તેમના ભવિષ્યના ખર્ચનો અંદાજ આપવાનું જણાવવામાં આવ્યું હતું. અને બની શકે ત્યાં ખર્ચ ઓછા કરવાનું સૂચન કરવામાં આવ્યું હતું.

૪) મુંબઈ ઝીણા બોઘાની વાડી તથા અંધેરી વાડીના મકાનને લગતા પ્રશ્નોની વિગતવાર ચર્ચા કરતાં પ્રમુખ શ્રી સતીષભાઈ વિઠલાણીએ શ્રી નિમીષભાઈને ઝીણા બોઘાની વાડીના પ્રશ્નોના નિવારણ અંગે ભલામણ કરી હતી. અને ચેરમેન શ્રી કુણાલભાઈ વજાણીને લોહાણા ભવનને લગતા કાયદાકીય પ્રશ્નોના નિરાકરણ અંગે વિનંતી કરવામાં આવી હતી.

૫) શ્રી દેવેન્દ્રભાઈ સોમૈયા શ્રી ઘોઘારી લોહાણા મહાજનની ક્રિકેટ ટુર્નામેન્ટમાં વ્યસ્ત હોવાથી શ્રી રામભાઈ ગઢીયાએ હૈદ્રાબાદ યાત્રાનો વિસ્તૃત અહેવાલ રજુ કર્યો હતો.

માનદ્‌મંત્રી શ્રી પ્રકાશભાઈ મગદાણીએ તારીખ ૧૭.૦૩.૨૦૧૯ના રોજ યોજવામાં આવેલ મેડિકલ કેમ્પની વિગતવાર જાણકારી પૂરી પાડી હતી.

૬) માનદ્‌મંત્રી શ્રી પ્રકાશભાઈ મગદાણીએ મહાજનશ્રીમાં નવા મેમ્બર માટે આવેલી અરજીની જાણકારી તથા તેમની નિમણૂંક માટેની બહાલી આપવા બાબત ચર્ચા કરી હતી.

૭) પ્રમુખ શ્રી સતીષભાઈ વિઠલાણીની રજા થી વધારાના કાર્યક્રમો જેવા કે - સાંસ્કૃતિક કાર્યક્રમ, વડલો, મેડિકલ કેમ્પ, C.C.T.V. કેમેરા, અનાજ વિતરણ, સંદેશ મુખપત્ર, લગ્ન વિષયક, વરણી સમિતિ વગેરે વિશે વિસ્તૃત પણે ચર્ચા કરવામાં આવી હતી.

કારોબારી સમિતિની આગામી બેઠકની તારીખ તથા વાર્ષિક સામાન્ય સભાની તારીખ સર્વાનુમતે નક્કી કરવામાં આવી હતી.

ત્યારબાદ, વધારાનું કોઈ પણ કામ કાજ ન રહેતા સભાપૂર્ણ જાહેર કરાઈ હતી.

## -: આગામી સભા :-

**કારોબારી સમિતિની સભા**

શનિવાર, તારીખ ૨૫.૦૫.૨૦૧૯

સમય - સાંજે ૪.૦૦ કલાકે થી સાંજે ૭.૦૦ કલાક દરમ્યાન.

**વાર્ષિક સામાન્ય સભા**

રવિવાર, તારીખ ૨૬.૦૫.૨૦૧૯

સમય સવારે ૧૦.૦૦ કલાકે થી બપોરે ૧.૦૦ કલાક દરમ્યાન.

ત્યારબાદ ભોજન સમારંભ.

**સ્થળ - શ્રી ઘોઘારી લોહાણા મહાજન વાડી**

પાલીરામ રોડ, અંધેરી (પશ્ચિમ), મુંબઈ - ૪૦૦ ૦૬૮.

# શ્રી ઘોઘારી લોહાણા

# સંદેશ

## ને હાર્દિક શુભેચ્છા

જનક ચીમનલાલ ઠક્કર

સ્મીતા જનક ઠક્કર

| | |
|---|---|
| કપિલ જનક ઠક્કર | નેહલ કપિલ ઠક્કર |
| હંસલ જનક ઠક્કર | પ્રિયા હંસલ ઠક્કર |

આર્યન, માયરા, પુષ્ટી, ધારણ

માતુશ્રી જસવંતીબેન ચીમનલાલ કન્યાશાળા (બાબરા)

શેઠશ્રી ચીમનલાલ પુરશોતમદાસ કુમારશાળા (બાબરા)

# શ્રી લોહાણા મહાપરિષદ મુંબઈ સહ મહારાષ્ટ્ર મહિલા સમિતી

## શ્રી લોહાણા મહાપરિષદ દક્ષિણ ભારત મહિલા સમિતિનો બેંગ્લોર ખાતેનો કાર્યક્રમ સફળતાપૂર્વક સંપન્ન.




શ્રી લોહાણા મહાપરિષદ મહિલા સમિતિના ઉપક્રમે દક્ષિણ ભારત બેંગ્લોર ખાતે તારીખ ૦૨.૦૨.૨૦૧૯ તથા તારીખ ૧૧.૦૩.૨૦૧૯ શનિવાર તથા રવિવારના રોજ મહાપરિષદના સાતેય(૭) વિભાગ માટે મહિલા સંમેલનનું આયોજન કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમની શરૂઆત શ્રી લોહાણા મહાપરિષદ મહિલા સમિતિના રાષ્ટ્રીય પ્રમુખ શ્રીમતી નીમાબેન આચાર્ય, રાષ્ટ્રીય ઉપપ્રમુખ શ્રીમતી રશ્મિબેન વિઠલાણી તથા શ્રીમતી અલકાબેન કોટક અને બાકીના વિભાગીય પ્રમુખોએ સાથે મળીને દિપ પ્રાગટ્યથી કરી હતી. દક્ષિણ વિભાગના શ્રી લોહાણા મહાપરિષદ મહિલા પ્રમુખ શ્રીમતી જ્યોતિબેન ખેરૈયાએ બેંગ્લોર ખાતે સર્વેને ખૂબ જ ઉમળકાથી આવકાર્યા હતા અને બે દિવસ સર્વે વિભાગના પ્રમુખ તથા સભ્યોની મહેમાનગતિ કરી હતી. જેમાં આમંત્રિત મહેમાનોની રહેવાની, ખાવા-પીવાની તથા આરામ કરવાની દરેક વ્યવસ્થા ખૂબ જ સુંદર રીતે કરી હતી.

આ ઉપરાંત, મહિલા મહાપરિષદના રાષ્ટ્રીય પ્રમુખ શ્રીમતી નીમાબેન આચાર્યના નેતૃત્વ હેઠળ મીટીંગનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં “મહિલા સંમેલનને સકારાત્મક અભિગમ સાથે રસપ્રદ કેમ બનાવવા?” વિષય ઉપર ચર્ચાઓ કરવામાં આવી હતી. અને વધુને વધુ કેવી રીતે આપણે મહિલાઓના ઉત્કર્ષ માટે મદદરૂપ થઈ શકીએ તેનું ધ્યાન રાખવામાં આવ્યું હતું.

સાથે સાથે દક્ષિણ ભારત વિભાગે આમંત્રિત મહેમાનોને માટે મનોરંજનની વ્યવસ્થા રૂપે વિવિધ રમતો જેવી કે, મ્યુઝિકલ હાઉસી રમાડી અને આપણી સંસ્કૃતિને જીવંત રાખતા ગરબા - રાસનું પણ સુંદર આયોજન કર્યું હતું અને કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

## હેલ્થ એન્ડ વેલનેસ બાય એક્યુપ્રેશર

શ્રી લોહાણા પરિષદ મુંબઈ સહ મહારાષ્ટ્ર મહિલા સમિતિના ઉપક્રમે તારીખ ૧૨.૦૧.૨૦૧૯ ના શનિવારે હેલ્થ એન્ડ વેલનેસ બાય એક્યુપ્રેશરના કાર્યક્રમનું આયોજન ડોંબીવલી ખાતે કરવામાં આવ્યું હતું. શ્રી લોહાણા મહાપરિષદના રાષ્ટ્રીય ઉપપ્રમુખ શ્રીમતી રશ્મિબેન વિઠલાણી તથા શ્રી લોહાણા મહાપરિષદ મુંબઈ સહ મહારાષ્ટ્ર મહિલા સમિતિના પ્રમુખ શ્રીમતી જ્યોતિબેન ઠક્કર તથા વિવિધ સ્થળોએથી દરેક સભ્યો બપોરે લગભગ ૧૨.૦૦ કલાકે ડોંબીવલી (પૂર્વ) મધ્યે કાર્યક્રમ સ્થળે પહોંચ્યા હતાં. જ્યાં શ્રીમતી રીટાબેન તથા શ્રીમતી જયશ્રીબેનએ ખૂબ જ ભાવભર્યું સ્વાગત કર્યુ હતું.

સૌ પ્રથમ સર્વે સભ્યોએ ૨૦૧૯ના નવા વર્ષની શરૂઆત અને મકર સંક્રાતિ નિમિતે હલ્દી-કુંમકુંમના તહેવારને ખૂબ જ ભાવવાહી રીતે મનાવ્યો. શ્રીમતી રશ્મિબેન વિઠલાણી, શ્રીમતી જ્યોતિબેન ઠક્કર તથા કારોબારીના દરેક સભ્યોએ દિપ પ્રાગટ્ય કર્યું હતું.






ત્યારબાદ, શિયાળાની ફૂલ ગુલાબી ઠંડીમાં સર્વે સભ્યોએ સાથે મળીને ઉંધિયા પાર્ટીનો આનંદ માણ્યો હતો. બપોરે લગભગ ૨.૦૦ કલાકે ડૉક્ટર અલ્પેશ રૈયાણીના માર્ગદર્શન હેઠળ હેલ્થ એન્ડ વેલનેસ બાય એક્યુપ્રેશરના કાર્યક્રમની શરૂઆત થઈ હતી. જેમાં ડૉક્ટર અલ્પેશ રૈયાણીએ આજની ભાગ-દોડ ભરી જિંદગીમાં નાની નાની બિમારીઓએ જે રીતે જીવનને તનાવ ભર્યું કરી નાખ્યું છે. ત્યારે આવી તનાવ યુક્ત પરિસ્થિતિમાંથી કઈ રીતે એક્યુપ્રેશરની મદદથી તનાવમુક્ત થઈ શકાય તેની ખૂબ જ સુંદર અને સરળ શબ્દોમાં સમજ પૂરી પાડી હતી. અને સર્વે આમંત્રિત મહેમાનોએ તાળીઓના ગડગડાટથી ડૉક્ટર અલ્પેશને વધાવ્યા હતા.

આ કાર્યક્રમમાં શ્રી લોહાણા મહાપરિષદ મહિલા વિભાગના રાષ્ટ્રીય ઉપપ્રમુખ શ્રીમતી રશ્મિબેન વિઠલાણી, મુંબઈ સહ મહારાષ્ટ્રના પ્રમુખ શ્રીમતી જ્યોતિબેન ઠક્કર તથા તેમની ટીમ શ્રીમતી અનસુયાબેન ઠક્કર તથા શ્રીમતી મીનાબેન મગદાણી, વાશી થી શ્રીમતી શિલ્પાબેન કારિયા, શ્રીમતી મીનાબેન કારીયા, શ્રીમતી ભાવનાબેન કેસરીયા, શ્રીમતી આશાબેન મણીધર, કલ્યાણ થી શ્રીમતી મીનાબેન સેદાણી, બદલાપુર થી શ્રીમતી માલતીબેન ઠક્કર, ખપોલી થી શ્રીમતી સરોજબેન વિઠલાણી, શ્રીમતી શીલ્પાબેન તન્નાએ હાજર રહીને કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.



Mr. RAJNIKANT NANDLAL GADHIA
+91 98690 41875

Mr. RAJAN R GADHIA
+91 98203 03034

R R INNOVATIVE PVT. LTD.

R NANDLAL & SONS

IMPORTERS, STOCKIST & DISTRIBUTERS :-
CHEMICALS / SOLVENTS

OFF. :- B-9/10, KANMOOR HOUSE, 281/287 NARSHI NATHA STREET,
MASJID BUNDER, MUMBAI - 400 009.
TEL. : (O) +91 - 022 6120 7777 • FAX : +91 - 022 6120 7760 / 70
E-mail : chem@rrgroupindia.com • Website : www.rrgroupindia.com

GLOBAL

Seasons Greetings

with Best Compliments from:

Indira & Hirabhai Vithalani

- Global Aviation Services Pvt Ltd
- Global Airport & Ground Services Pvt Ltd
- JTB Jupiter Express Services Pvt Ltd
- JTB Travels Pvt Ltd
- Global Leisure
- BigSpring
- Cosmic Heart Gallery
- Global Agritech I Pvt Ltd

# મેડિકલ કેમ્પ



આપણા મહાજનશ્રી દ્વારા દર વર્ષની જેમ આ વર્ષે પણ તારીખ ૧૭.૦૩.૨૦૧૯ ના રવિવારના રોજ મહાજનશ્રીના ૩૫(પાંત્રીસ) વર્ષથી વધુ ઉંમરના રજીસ્ટર્ડ સભ્યો માટે રાહત દરે **SRL Labs** ના સહયોગથી મેડિકલ હેલ્થ ચેક અપ કેમ્પનું આયોજન શ્રી ઘોઘારી લોહાણા મહાજન વાડી, અંધેરી (પશ્ચિમ) ખાતે કરવામાં આવ્યું હતું.

ખૂબ જ જરૂરી એવી ૧૫(પંદર) ટેસ્ટ માટે **SRL Labs** ગોરેગામ (પશ્ચિમ) સાથે માનદ્‌મંત્રી શ્રી પ્રકાશભાઈ મગદાણી તથા ઉપપ્રમુખ કુમારી ધર્મીબેન મગદાણીએ વાટાઘાટ કરી હતી. રજીસ્ટર્ડ સભ્યો માટે રૂપિયા ૧,૭૫૦ સભ્ય દિઠ નક્કી કરવામાં આવ્યાં હતાં. પરંતુ રજીસ્ટર્ડ સભ્યોને માટે માત્ર રૂપિયા ૫૦૦/- માં વહેલો તે પહેલો ધોરણે કુલ ૧૯૦ સભ્યોનું ચેકઅપ કરવામાં આવ્યું હતું. બાકીના વધારાનો ખર્ચ મહાજનશ્રી દ્વારા કરવામાં આવ્યો હતો. આ ઉપરાંત તે જ દિવસે આપણી જ્ઞાતિના કારોબારી સભ્ય શ્રી ડૉક્ટર મીહીરભાઈ ખખ્ખર ના સહયોગથી **FREE DENTAL CHECK-UP** નું આયોજન પણ કરવામાં આવ્યું હતું. તથા ડૉક્ટર **EYE INSTITUTE PVT. LTD.** ના સહયોગથી સંપૂર્ણ નેત્ર ચિકિત્સા નિદાન કેમ્પનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં આંખની કુલ ૪(ચાર) ટેસ્ટ કરવામાં આવી હતી.




કેમ્પની વ્યવસ્થા જાળવવામાં શ્રી પ્રકાશભાઈ મગદાણી, શ્રી દેવેન્દ્રભાઈ સોમૈયા, કુમારી ધર્મીબેન મગદાણી, શ્રી રાજેન્દ્રભાઈ રાયચુરા, શ્રી રામભાઈ ગઢિયા, શ્રી જતીનભાઈ પોપટ શનિવાર, તારીખ ૧૬.૦૩.૨૦૧૯ના રોજ બધી જ પૂર્વ તૈયારી માટે કાર્યરત રહ્યા હતાં. ૧૭મી માર્ચ રવિવારે સવારે ૭.૩૦ કલાકે હેલ્થ ચેકઅપની શરૂઆત કરવામાં આવી હતી. સભ્યો સવારે ૭.૦૦ વાગ્યાથી જ આવવાના શરૂ થઈ ગયા હતા.

મહાજનશ્રીના પ્રમુખ શ્રી સતિષભાઈ વિઠલાણી, ટ્રસ્ટી શ્રીમતી રશ્મિબેન વિઠલાણી, ટ્રસ્ટી શ્રી અજીતભાઈ ઠક્કર, શ્રી પ્રકાશભાઈ મગદાણી, શ્રી દેવેન્દ્રભાઈ સોમૈયા, કુમારી ધર્મીબેન મગદાણી, શ્રી જતીનભાઈ પોપટ, શ્રી રાજેન્દ્રભાઈ રાયચુરા, શ્રી મનોજભાઈ ગઢિયા, શ્રી રામભાઈ ગઢિયા, શ્રી પંકજભાઈ મગદાણી, શ્રી વિનુભાઈ ગઢિયા, શ્રી મહેશભાઈ








રાજા, શ્રી કિરણભાઈ ગઢિયા, શ્રી રમેશભાઈ ઠક્કર, શ્રી હસમુખભાઈ વજાણી, શ્રી નિલેશભાઈ રવાણી, શ્રી જયેશભાઈ જોબનપુત્રા, શ્રીમતી જ્યોતિબેન ઠક્કર, શ્રીમતી દિવ્યાબેન અઢિયા, શ્રીમતી મીનાબેન મગદાણી વગેરેએ આ ભગીરથ કાર્યક્રમમાં હાજર રહી ખૂબ જ સહયોગ આપ્યો હતો. આ ઉપરાંત સ્ટાફના શ્રીમતી જ્યોતિબેન વસાણી, શ્રી કમલેશભાઈ વડેરા, શ્રી અનિલભાઈ પાઠક તથા **SRL Lab** ના ૧૭(સતર) સભ્યો, ડૉક્ટર મિહિરભાઈ ખખ્ખરની ૫(પાંચ) ડૉક્ટરની ટીમ તથા ડૉક્ટર **EYE INSTITUTE PVT. LTD.** ના ૬(છ) નિષ્ણાંતોની ટીમે પણ ખૂબ જ સારી રીતે દરેક સભ્યોને ચેકીંગ કરવા માટે સલાહ સુચનો આપી વ્યવસ્થિત રીતે કાર્યની શરૂઆત કરી હતી.

સ્ત્રી તથા પુરૂષ સભ્યોને અલગ અલગ રંગના ટોકન નંબર અપાયા હતા. તેમના બેસવા માટે **Waiting Lounge** ની વ્યવસ્થા પણ બન્ને પેસેજમાં કરવામાં આવી હતી. ડાયનીંગ હૉલમાં ચા તથા નાસ્તાની વ્યવસ્થા પણ દરેકે દરેક સભ્યો માટે મહાજન તરફથી કરવામાં આવી હતી. આ ઉપરાંત સંચાલક કાઉન્ટર, રજીસ્ટ્રેશન કાઉન્ટર, બ્લડ પ્રેશર, યુરીન કલેકશન, **ECG** એટલે કે કાર્ડિયોગ્રામની વ્યવસ્થા તથા **PSA for Male an Papsmear for Femal, Dental check up, Eye Test** વગેરે દરેક દરેક કાઉન્ટર પર કારોબારી સભ્યો વ્યવસ્થા જાળવી રહ્યા હતા. બપોરના લગભગ ૧(એક) વાગ્યા સુધીમાં સૌના હેલ્થ ચેકઅપનું કાર્ય પૂર્ણ થઈ ગયું હતું.

આપણા મહાજનના કાર્યકર્તા શ્રી રમેશભાઈ ગઢિયાની સુપુત્રી સૌ. સપના જયકુમાર ચંદારાણા તરફથી ૬(છ) જરૂરતમંદ સભ્યોને ચશ્માનું વિતરણ કરાયું હતું.

સૌ સભ્યોના રીપોર્ટ પણ સંસ્થાના કાર્યાલયમાં પહોંચાડવામાં આવશે તેવું જણાવાયું હતું. અને જે પણ સભ્યોને **Consulting** માટે **SRL Lab** માં જવું હોય તેમને એપોઈન્ટમેન્ટ લઈને **Consulting** માટે જવું તેવું પણ જાહેર કરાયું હતું. ચેકઅપ કરાવવા આવનાર દરેકે દરેક સભ્યોએ પણ મહાજનશ્રીના આ ઉમદા માનવ સેવાના કાર્યને ખરા દિલથી બિરદાવ્યું હતું.





## સભ્યોનો પ્રતિભાવ

**શ્રી ઘોઘારી લોહાણા મહાજન**
**સર્વ ટ્રસ્ટી ગણ**
**તથા સદ્‌ભાવી કાર્યકર ભાઈઓ / બહેનો**

રવિવાર, તારીખ ૧૭.૦૩.૨૦૧૯ના દિવસે મહાજનશ્રી તરફથી યોજાયેલ મેડીકલ કેમ્પ બદલ સર્વેનો હૃદય પૂર્વક આભાર.

કેમ્પની વ્યવસ્થા ખૂબ જ વ્યવસ્થિત હતી. ટૉકન સીસ્ટમ ખૂબ જ વખાણવા લાયક. આટલી શુલ્ક રકમ ટૉકન રૂપે લઈ એક જ છત્ર નીચે જ્ઞાતિજનોને સર્વ સર્વેક્ષણનું આયોજન કરવું ખૂબ જ અઘરૂં હોવા છતાં સરળ રીતે કોઈ પણ વ્યક્તિને જરા પણ લાગણી દુભાવ્યા વગર પાર પાડવા બદલ સૌ જ્ઞાતિજનો તરફથી અને ખાસ કરીને સીનીયર સીટીઝનો તરફથી આપ સૌને ધન્યવાદ!

**શ્રી બિપિન ગણાત્રા / શ્રીમતી માલતી ગણાત્રા**

## સલાહકાર સમિતિ તથા વરણી સમિતિનો અહેવાલ

આપણા મહાજનના નવા બંધારણ મુજબ સલાહકાર સમિતિની તથા વરણી સમિતિની રચના થયેલ છે. તેમની પ્રથમ સભા તારીખ ૧૦.૦૨.૨૦૧૯ ના રોજ અને દ્વિતીય સભા તારીખ ૨૪.૦૨.૨૦૧૯ ના રોજ શ્રી ઘોઘારી લોહાણા મહાજનવાડી, અંધેરી (પશ્ચિમ), મુંબઈ - ૪૦૦ ૦૬૮ ખાતે મળી હતી.

ઉપસ્થિત સભ્યોએ બંધારણની જોગવાઈ અનુસાર સલાહકાર સમિતિમાંથી ૨(બે) સભ્યોની વરણી સમિતિમાં પસંદગી કરી હતી. જે મુજબ શ્રી પ્રવીણભાઈ વજાણી તથા શ્રી વ્યોમેશભાઈ રાજાણીની પસંદગી થઈ હતી. વરણી સમિતિના ચેરમેન તરીકે શ્રી રમેશભાઈ વસાણી **(C.A.)** ની નિમણૂંક થઈ હતી. શ્રી રમેશભાઈ વસાણીએ નવા સુધારીત બંધારણની પ્રસંશા કરી હતી. સમિતિના સભ્યોએ પ્રમુખ અને ઉપપ્રમુખના નામો માટેની પસંદગીની જાણ ચેરમેન શ્રી રમેશભાઈ વસાણી **(C.A.)** ને **Whatts App.** દ્વારા કરી હતી. જેની જાણ આગામી કારોબારીમાં પત્ર દ્વારા કરવામાં આવશે. અને અંતિમ નિર્ણય સામાન્ય સભામાં સભ્યો દ્વારા સર્વાનુમત્તે લેવામાં આવશે.

MJHSCT
REACHING THE UNREACHED
**Matoshri Jayaben Himmatlal Shah Charitable Trust**
in association with
**Bright Outdoor Media Pvt Ltd**
— INVITES YOU FOR THE —
**GRAND OPENING**
OF
**"RAMBHABEN SHAH DIALYSIS CENTER"**
Saturday, 6th April 2019 | 10 AM Onwards
Followed by Lunch
DIALYSIS TO NEEDY PATIENT
@₹1 Only
PLEASE BLESS AND SUPPORT WITH MAXIMUM DONATIONS
1st Floor, Rashmi Sheela, Near Datta Mandir Road, Dahanukarwadi, Kandivali West, Mumbai - 400067
SONAL - +91 98333 01551

# તબીબી સહાય સમિતિ અહેવાલ

શરીર સ્વાસ્થ્ય આ મનુષ્ય જીવનની પ્રાથમિકતા છે. આપણું મહાજન તેમના સભાસદો અને તેમના પરિવાર પ્રત્યે હર હંમેશા જાગૃત રહ્યું છે. અને ભવિષ્યમાં પણ રહેશે.

હિસાબી વર્ષ એપ્રિલ ૨૦૧૯ થી ફેબ્રુઆરી ૨૦૧૯ સુધીમાં ઔષધી માટે કુલ ૧૨૫ અરજીઓ આવી હતી. અને ઔષધ પેટે રૂા. ૨,૨૩,૪૦૦/- મહાજન તરફથી અપાયા હતાં. હૉસ્પીટલ ખર્ચ માટે કુલ ૨૦ અરજીઓ આવી હતી. જેમાંથી ઘોઘારી મહાજન ચેરીટેબલ ટ્રસ્ટ તરફથી ૧૯ અરજીઓને રૂા. ૩,૨૫,૭૦૦/- અને ૧(એક) અરજદારને ખીમજી ભગવાનદાસ ચેરીટી ટ્રસ્ટ તરફથી રૂા. ૧,૦૦,૦૦૦/- ની સહાય અપાય હતી.

આમ કુલ ૨૦ સભ્યોને રૂા. ૪,૨૫,૭૦૦/- હૉસ્પીટલ પેટે સહાયના અપાયા હતા. આમ કુલ ઔષધ અને હૉસ્પીટલ ખર્ચ સહાય મળીને કુલ રૂા. ૬,૪૯,૧૦૦/- મેડિકલ સહાય પેટે અપાયા હતાં.

**- શ્રી પ્રકાશભાઈ મગદાણી** (તબીબી સહાય સમિતિ કન્વીનર)

મહાજન દ્વારા અપાતી ઔષધ સહાયની સેવાઓનો હાલમાં લાભ લેતા સભ્યો તથા ભવિષ્યમાં લેવાની ઈચ્છા રાખનારા સભ્યોએ ખાસ નોંધ લેવાની કે, હવે પછી થી તાત્કાલિક અમલમાં આવે તે રીતે તમે તમારા ડૉક્ટર પાસે ચેક-અપ કરાવવા જાઓ તો, તમારા ડૉક્ટરને ખાસ ભલામણ કરવી કે તેઓ જેનરિક દવાઓ લખી આપે. સરકારના ફરમાન અને સૂચન મુજબ મોઘી પેટન્ટ દવાઓને બદલે જેનરીક દવાઓના પ્રીસ્ક્રીપસન લખાવવા. જેથી મહાજન વધુમાં વધુ સભ્યોને ઔષધી સહાયનો લાભ આપી શકે.

# શિક્ષણ સહાય સમિતિ અહેવાલ

આજના યુવાનોની ભણતર માટેની તીવ્ર ઈચ્છાને પ્રેરકબળ પૂરું પાડવામાં આપણા મહાજનનો મહત્વનો ફાળો છે. જરૂરિયાતમંદ વિદ્યાર્થી તથા વિદ્યાર્થિનીઓને આર્થિક સંકડામણના હિસાબે શિક્ષણ છોડવું ન પડે તેની પુરતી તકેદારી મહાજન લે છે.

હિસાબીવર્ષ ૨૦૧૮-૨૦૧૯માં કુલ ૧૦૮ અરજીઓ સ્વીકારી હતી અને તે પૈકી ૧૦૦ અરજીઓને શ્રી ઘોઘારી લોહાણા મહાજન તરફથી રૂા. ૨૧,૬૪,૮૯૫/- તથા ૮ વિદ્યાર્થીઓને શ્રી ખીમજી ભગવાનદાસ ચેરીટેબલ ટ્રસ્ટ તરફથી રૂા. ૧૦,૭૫,૯૦૨/- ની સહાય આપી હતી.

આમ કુલ બન્ને મળીને ૧૦૮ વિદ્યાર્થીઓને રૂા. ૩૨,૪૦,૭૯૭/- ની સહાય અપાાય હતી.

**- કુ. ધર્મીબેન મગદાણી** (શિક્ષણ સહાય સમિતિ કન્વીનર)

# આર્થિક સહાય સમિતિ અહેવાલ

દરેક મનુષ્યના જીવનમાં શિક્ષણનું ખૂબ જ મહત્વ હોય છે. પરંતુ શિક્ષણની જરૂરિયાત પૂરી કરવા માટે તથા રોજબરોજના જીવનની જરૂરિયાત માટે આર્થિક બળ પૂરતું હોવું ખૂબ જ જરૂરી છે. આપણું મહાજન પોતાના બાંધવોને આર્થિકબળ પૂરું પાડવા માટે ખૂબ જ તકેદારી લે છે.

હિસાબી વર્ષ ૨૦૧૮-૨૦૧૯ દરમ્યાન કુલ ૫૭(સત્તાવન) સભ્યોને રૂા. ૧૭,૨૩,૫૦૦/- ની આર્થિક સહાય પુરી પાડવામાં આવી હતી. જેમાંથી ૫૬(છપ્પન) નિયમિત સભ્યોને રૂા. ૧૭,૧૧,૫૦૦/- તથા ૧(એક) સભ્યને વૃધ્ધાશ્રમની જરૂરી રકમ રૂા. ૧૨,૦૦૦/- વૃધ્ધાશ્રમના નામે આપેલ હતી.

આર્થિક સહાયના ફોર્મ આપણી અંધેરી વાડીની ઑફિસ માંથી લઈ જવા અને જરૂરિ દસ્તાવેજો સાથે ૩૦ માર્ચ ૨૦૧૯ પહેલાં સંપૂર્ણ રીતે ભરીને જમા કરાવવા.

**- શ્રી મનોજભાઈ ગઢીયા** (આર્થિક સહાય સમિતિ કન્વીનર)



## શ્રી લોહાણા મહાપરિષદ



# રઘુવંશી ચેરીટેબલ ટ્રસ્ટ / ભાગવત વિદ્યાપીઠ સોલા
# સંચાલિત
# શ્રી ખીમજી ભગવાનદાસ આર.સી.ટી. ભાગવત અતિથિ ભવન

અમદાવાદ ખાતે ભાગવત વિદ્યાપીઠ સંકુલમાં નવીનીકરણ પામી રહેલ અતિથિ નિકેતનમાં શ્રી ખીમજી ભગવાનદાસ ચેરીટી ટ્રસ્ટ, મુંબઈ તથા અન્ય દાતાશ્રેષ્ઠીશ્રીઓના સાથ સહકારથી આ કાર્ય આગળ વધી રહ્યું છે. પ્રાથમિક તબક્કામાં લોકાર્પણ પામેલ એક વિંગના ૨૦ જેટલા રૂમો ખૂલ્લા મુકાયેલ છે. આ રૂમોના ઉપયોગ માટે સંચાલન સમિતિની બેઠકમાં સુનિશ્ચિત કરાયેલ દરોએ રૂમોની તેમજ અન્ય વ્યવસ્થા ઉપલબ્ધ કરાવવામાં આવે છે.





## ૨૦ રૂમો, યોગ્ય સગવડો સાથે રોકાણ માટે ઉપલબ્ધ
## રૂમ ચાર્જ : ૯૫૦/-

**સારવાર અર્થે અમદાવાદ આવતા જરૂરિયાતમંદ પરિવારો માટે**
**વિનામૂલ્યે રોકાવાની સુવિધા ઉપલબ્ધ.**
**સ્થાનિક મહાજનશ્રીનો ભલામણ અનિવાર્ય છે.**

**વધુ માહિતી માટે સંપર્ક સૂત્ર : શ્રી મધુકર મજીઠીયા - મો.: ૯૯૭૯૮૫૬૭૦૦**

# શ્રી ઘોઘારી લોહાણા મહિલા સમાજ



## કાર્યક્રમ નં. – ૧ – પોંક પાર્ટી

શિયાળો એટલે પતંગ અને ચીકી, ઉંધિયું અને પોંક, વિવિધ વસાણાવાળા પાક ખાઈને આરોગ્ય મેળવવાની ઋતુ!

શ્રી ઘોઘારી લોહાણા મહિલા સમાજે પણ આ વર્ષે શનિવાર, તારીખ ૧૯.૦૧.૨૦૧૯ ના દિવસે બપોરે ૩.૩૦ કલાકે શ્રી ઘોઘારી લોહાણા મહાજન વાડી, પાલીરામ રોડ, અંધેરી (પશ્ચિમ), મુંબઈ - ૪૦૦ ૦૫૮ ના વાતાનુકુલીત હૉલમાં પોંક પાર્ટીનું આયોજન કર્યું હતું. સાથે - સાથે ઈન્ડોર ગૅમ્સનું પણ આયોજન કરવામાં આવ્યું હતું.

નામ - નોંધણી શરૂ થઈ તે દિવસથી જ બધા બહેનો ઉત્સાહથી **Whats App** પર નામ લખાવતા હતાં. સંખ્યા વધતી જતી હતી. આટલી મોટી સંખ્યામાં ઉપસ્થિત બહેનોને ઈન્ડોર ગેમ્સ રમાડવી એ ખરેખર એક ચેલેન્જ હતી. પણ કમિટિના બધા બહેનોએ સફળતાપૂર્વક આયોજન કર્યું હતું.

વિવિધ પ્રકારની હાઉઝી રમવામાં ખૂબ મજા આવી હતી. અધ્યક્ષ, ટ્રસ્ટી અને કાર્યકારી પ્રમુખ શ્રીમતી રશ્મિબેન વિઠલાણીએ લાવેલી રામાયણની હાઉઝી તો માત્ર રમત ન રહેતા જ્ઞાન સાથે ગમ્મત બની ગઈ હતી. ટ્રસ્ટી શ્રીમતી પ્રિતીબેન સોઢાએ આ હાઉઝી સાથે ક્વીઝનું જાણે સંયોજન કરી દીધું હતું. ગેમ્સમાં જીતનાર બધા જ બહેનોને કાર્યકારી પ્રમુખ શ્રીમતી રશ્મિબેન સતીષભાઈ વિઠલાણી તરફથી ઈનામો આપવામાં આવ્યા હતાં.

શ્રી લોહાણા મહાપરિષદ મુંબઈ સહ મહારાષ્ટ્રના મહિલા સમિતિના પ્રમુખ શ્રીમતી જ્યોતિબેન ઠક્કર, લોહાણા મુખપત્ર "સંદેશ" ના સહતંત્રી શ્રીમતી મીનાબેન મગદાણી, શ્રીમતી જ્યોતિબેન રાજા, અતિથિ વિશેષ તરીકે ઉપસ્થિત રહ્યાં હતા. અને રમત રમવામાં પણ તેમણે પણ ઉત્સાહથી ભાગ લીધો હતો.

ટ્રસ્ટીઓમાં શ્રીમતી રમાબેન રાજા, શ્રીમતી રજનીબેન સાયાણી, શ્રીમતી ચંદ્રિકાબેન તન્નાની હાજરી ઉત્સાહ પ્રેરતી હતી. કાર્યકારી પ્રમુખ, ટ્રસ્ટીઓ, અતિથિ વિશેષ બહેનો અને કમિટિના બહેનોના હસ્તે વિજેતા બહેનોને ઈનામો અપાયા હતાં.

શ્રીમતી માધવીબેન સોમૈયા, શ્રીમતી શોભાબેન સુબા, શ્રીમતી માધવીબેન સાયાણી, શ્રીમતી ફાલ્ગુનીબેન કક્કડ, શ્રીમતી કનકબેન મગદાણી વગેરે કમિટિના બહેનોની મહેનત રંગ લાવી હતી.

આનંદ, ઉત્સાહથી રમતો રમી બધાએ અલ્પાહારનો આનંદ માણ્યો. ખાસ સુરતથી મંગાવેલ પોંક અને પોંક વડા સાથે તીખી સેવનો ચટપટો અલ્પાહાર માનદ્‌મંત્રી શ્રીમતી કલ્પનાબેન કિરીટભાઈ પોપટ તરફથી રાખવામાં આવ્યો હતો.

## કાર્યક્રમ નં. – ૨ – મનોરંજન કાર્યક્રમ

ગીત-સંગીત તો સહુને ગમે! ફિલ્મી ગીતો ગાવા, ગણગણવા એ ઘણાનો શોખ હોય. તેથી જ શ્રી ઘોઘારી લોહાણા મહિલા સમાજે તારીખ ૨૩.૦૨.૨૦૧૯ ના બપોરે ૩.૩૦ કલાકે શ્રી ઘોઘારી લોહાણા મહાજન વાડી, પાલીરામ રોડ, અંધેરી (પશ્ચિમ), મુંબઈ - ૪૦૦ ૦૫૮ના વાતાનુકુલીત હૉલમાં મ્યુઝીકલ મોમ્સ નામના નૂતન કાર્યક્રમનું આયોજન કર્યું હતું.

આ કાર્યક્રમમાં "કરાઑકે" નો પ્રયોગ કરવામાં આવ્યો હતો. હિન્દી અને ગુજરાતી બન્ને ભાષાના ઘણાં ગીતોની લાંબી યાદી હતી. મેમ્બર બહેનો જે ગીત વારાફરતી પસંદ કરે તે નંબરનું ગીત પ્રોજેક્ટર દ્વારા સ્ક્રીન પર આવે. તેનું મ્યુઝીક વાગે અને ગીતની લાઈન પણ સ્ક્રીન પર આવે. તે જોઈને ગાનાર બહેને, ગીતના સંગીત સાથે તાલ મિલાવી સૂરમાં ગાવાનું હતું. એક નવો જ અનુભવ હતો છતાં બધાએ ઉત્સાહથી ભાગ લીધો હતો.

ગીતોની શરૂઆત ઉપપ્રમુખ શ્રી ભાવનાબેન

તન્નાએ કરેલી. ત્યારબાદ, અધ્યક્ષ, ટ્રસ્ટી અને કાર્યકારી પ્રમુખ શ્રીમતી રશ્મિબેન વિઠલાણીએ પણ સુંદર ગીતો ગાયા. પછી તો બધાનો આત્મવિશ્વાસ વધવા લાગ્યો અને ગીત પસંદ કરી બહેનો નામ લખાવવા લાગ્યા.

શ્રીમતી માધવીબેન સાયાણી, શ્રીમતી શોભાબેન સુબા, શ્રીમતી ફાલ્ગુનીબેન કક્કડ અન્ય બહેનો સુધી પહોંચી આયોજન સંભાળી રહ્યા હતાં. માધવીબેન સોમૈયા અને શ્રીમતી કનકબેન મગદાણીનું નામ નોંધણીનું કામ **PERFECTION** થી ચાલતું હતું.

નવો પ્રયોગ હતો. એટલે કયારેક સૂર, તાલ જરાવાર માટે છૂટી જતાં હતાં. પણ ફાવટ આવતી જતી હતી. આનંદ, ઉત્સાહ અકબંધ હતાં. જૂના-નવા હિન્દી અને ગુજરાતી ગીતો ગાવા - સાંભળવાની મજા આવતી હતી. અમુક બહેનોએ કોરસમાં ગીતો ગાંયા જે પ્રશંસાને પાત્ર હતાં.

કાર્યકારી પ્રમુખ શ્રીમતી રશ્મિબેન વિઠલાણી અને ઉપપ્રમુખ શ્રીમતી ભાવનાબેન તન્નાની અથાગ મહેનત રંગ લાવી હતી. ગીતોની યાદી લાંબી હતી પણ સમયની મર્યાદા હતી. તેથી વિરામ લીધો.

ટ્રસ્ટી શ્રીમતી રજનીબેન સાયાણીનો તે જ દિવસે જન્મ દિવસ હતો. કાર્યકારી પ્રમુખ શ્રીમતી રશ્મિબેન વિઠલાણીના સરપ્રાઈઝ સજેશનથી બધાએ કેક કાપી અને ફૂલનો બુકે આપી તેમને શુભેચ્છાઓ આપી હતી.

ત્યારબાદ, ટ્રસ્ટી શ્રીમતી રજનીબેન સાયાણી તરફથી જ રાખવામાં આવેલા અલ્પાહારના પેકેટ્સ લઈ સહુ આનંદથી છૂટા પડ્યાં.

## કાર્યક્રમ નં. – ૩ – હોળીના રસિયા

શનિવાર, તારીખ ૧૬.૦૩.૨૦૧૯ બપોરના ૩.૩૦ કલાકે શ્રી ઘોઘારી લોહાણા મહાજન વાડી, અંધેરી (પશ્ચિમ) ખાતે શ્રી ઘોઘારી લોહાણા મહિલા સમાજનો હોળીના રસિયા કાર્યક્રમ ખૂબ જ સુંદર રીતે સંપન્ન થયો.

મહા વદ સાતમ એટલે નાથદ્વારામાં બીરાજતા શ્રીનાથજીનો પાટોત્સવનો દિવસ! તે દિવસથી શરૂ કરી ફાગણ વદ પડવા સુધી એટલે કે ધૂળેટી સુધી શ્રી ઠાકોરજીની સન્મુખ હોળીના રસિયા ગાવામાં આવે છે. વસંત ઋતુના આહ્લાદક વાતાવરણમાં ફાગ ખેલના રસિયા ગાતા-ગાતા વ્રજ ભક્તો



પ્રભુ સાથે કોઈ પણ જાતના ભેદભાવ વગર ફાગ ખેલનો આનંદ માણે છે.

આવા જ અલૌકિક આનંદનો અનુભવ બહેનોને આ કાર્યક્રમમાં થયો હતો. સ્ટેજ પર અતિ સુંદર પીછવાઈ, તેની આગળ શ્રી ઠાકોરજીના રમણીય સ્વરૂપના દર્શન અને ફૂલોની સજાવટ મનમોહક હતા.

રસિયા ગાવા આવનાર બહેનોનું ગ્રુપ પણ ખૂબ જ ઉત્સાહી હતું. બધા જ બહેનોને રસિયાની પુસ્તિકા આપવામાં આવી હતી. તેથી રસિયાના શબ્દોનો આનંદ બહેનો માણી શક્તાં હતાં. અને બધા સાથે રસિયા ઝીલાવી રહ્યાં હતાં.

પીળા, કેસરી અને ગુલાબી વસ્ત્રોમાં બહેનો શોભતા હતા. તાળીઓના તાલ સાથે અમુક ગીતોમાં નૃત્યની રમઝટ પણ જામતી હતી.

આયોજક બહેનોએ દરેક આવનાર બહેનને શ્રીમતી રશિમબેન વિઠલાણીએ લાવેલા કેસૂડાના ફૂલ આપ્યા હતાં. અને સુગંધી ચંદનથી સહુને ચાંદલા કરાયા હતાં.

વચ્ચે પાંચ(૫) મિનીટના વિરામમાં અધ્યક્ષ, ટ્રસ્ટી અને કાર્યકારી પ્રમુખ શ્રીમતી રશ્મિબેન વિઠલાણી દ્વારા બધા માટે ઠંડાઈની બોટલોની વ્યવસ્થા હતી. આ હૉમમેડ ઠંડાઈના સ્વાદ પાછળ ટ્રસ્ટી શ્રીમતી પ્રિતીબેન સોઢાની મહેનત હતી.

રસિયા પછી ઠાકોરજીની આરતી કરવામાં આવી હતી. ત્યારબાદ, કાર્યકારી પ્રમુખ શ્રીમતી રશ્મિબેન વિઠલાણી તરફથી અલ્પાહારના બોકસ અને શ્રીમતી રશ્મિબેન વિઠલાણી, ટ્રસ્ટી શ્રીમતી રમાબેન રાજા તથા શ્રીમતી ઈલાબેન પોપટ તરફથી રાખવામાં આવેલ પ્રસાદ સહુ બહેનોને આપવામાં આવ્યો હતો.

શ્રી લોહાણા મહાપરિષદ મુંબઈ સહ મહારાષ્ટ્રની મહિલા સમિતિના પ્રમુખ શ્રીમતી જ્યોતિબેન ઠક્કર, શ્રી ઘોઘારી લોહાણા મહાજનના મુખપત્ર "સંદેશ" ના સહતંત્રી શ્રીમતી મીનાબેન મગદાણી, "યુવક મંડળ અંધેરી - પાર્લા, મુંબઈ" ના ઉપપ્રમુખ શ્રીમતી અનસુયાબેન ઉપસ્થિત રહીને પ્રસંગને દિપાવ્યો હતો.

ટ્રસ્ટી શ્રીમતી રમાબેન રાજા તથા શ્રીમતી રજનીબેન સાયાણીની હાજરી પણ ઉત્સાહ પ્રેરક હતી.

ટ્રસ્ટી શ્રીમતી પ્રિતીબેન સોઢા, ટ્રસ્ટી શ્રીમતી ચંદ્રિકાબેન તન્ના, ઉપપ્રમુખ શ્રીમતી ભાવનાબેન તન્ના, કારોબારી સમિતિના શ્રીમતી માધવીબેન સોમૈયા, શ્રીમતી કનકબેન મગદાણી, શ્રીમતી વિણાબેન મગદાણી, શ્રીમતી શોભાબેન સુબા, શ્રીમતી ફાલ્ગુનીબેન કક્કડ, શ્રીમતી માધવીબેન સાયાણી, શ્રીમતી કલ્પનાબેન પોપટ બધાની મહેનતથી કાર્યક્રમ સરસ રીતે સંપન્ન થયો હતો.



**આમંત્રણ** **આમંત્રણ**

# આવો લ્હાવો નહીં મળે !

## સાંસ્કૃતિક કાર્યક્રમ ૨૦૧૯

શ્રી ઘોઘારી લોહાણા મહાજન મુંબઈ આટલા વર્ષોથી સમાજને કંઈક નવું આપવાનો સતત પ્રયાસ કરી જ રહ્યું છે. તો આ વર્ષે મહાજને આપણા સમાજમાં છુપાયેલી પ્રતિભાઓને વેગ આપવાના એક અનેરા પ્રયાસરૂપે સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન કરેલ છે.

આ કાર્યક્રમમાં સોલો ડાન્સ, ગ્રુપ ડાન્સ, સોલો (સંગીત) ગાયન, એકાંકી નાટક વગેરે પ્રકારના કાર્યક્રમનું આયોજન કરવાનું નક્કી કરવામાં આવ્યું છે. જેમાં બાળકો, યુવાનો તથા વયસ્કો કોઈપણ જાતના બાદ વગર ભાગ લઈ શકશે.

નામ નોંધાવવાની છેલ્લી તારીખ ૩૧.૦૫.૨૦૧૯ મહાજનશ્રીના કાર્યાલયમાં સમય - સવારે ૧૧.૦૦ થી સાંજે ૬.૦૦ વાગ્યા સુધી રહેશે.

**કાર્યક્રમ સ્થળ**

**શનિવાર, તારીખ ૧૫.૦૬.૨૦૧૯, સમય - સાંજે ૫.૦૦ કલાકે થી...**

**સ્થળ : જલારામ હૉલ, જોગસ પાર્કની સામે, જુહુ સ્કીમ, વિલેપાર્લે (પશ્ચિમ), મુંબઈ.**

શનિવાર, તારીખ ૦૧.૦૬.૨૦૧૯ ના રોજ આપના કાર્યક્રમની પૂર્ણ તૈયારી સાથે **AUDITION** માં સમય - બપોરે ૩.૦૦ થી સાંજે ૬.૦૦ કલાક દરમ્યાન વહેલો તે પહેલો ધોરણે શ્રી ઘોઘારી લોહાણા મહાજન વાડી, પાલીરામ રોડ, અંધેરી ((પશ્ચિમ), મુંબઈ - ૪૦૦ ૦૫૮. ખાતે પસંદગી કરવામાં આવશે. વધુ વિગત માટે નીચેના નંબર પર સંપર્ક કરવા વિનંતી.

**શ્રીમતી રશ્મિબેન વિઠલાણી - ૯૮૧૯૩૨૯૮૫૮**
**શ્રીમતી જ્યોતિબેન ઠક્કર - ૯૯૬૭૬૪૫૫૫૧**
**શ્રીમતી મીરાબેન કેસરીયા - ૯૮૨૦૧૬૧૧૧૭**
**શ્રીમતી મીનાબેન મગદાણી - ૯૮૬૭૭૧૨૪૬૨**

**ખાસ નોંધ :**

૧) વિજેતાનો નિર્ણય સંસ્થા તરફથી નિમવામાં આવેલ જજનો આખરી ગણાશે.

૨) સંજોગવશાત કાર્યક્રમમાં કોઈપણ ફેરફાર કરવાનો હક મહાજનનો રહેશે.

# અંધેરી વાડી ખાતેનો હૉલ તથા ડાયનીંગ હોલ રસોડું તથા બે અદ્યતન રૂમો



મીટીંગ રૂમ



લગ્ન / પાર્ટી હૉલ



રૂમ નં. ૧



રૂમ નં. ૨



રસોડું



ડાયનીંગ રૂમ

**અગાઉથી બુકિંગ માટે સંપર્ક કરવો.**

લોહાણા ભવન, પાલીરામ રોડ, અંધેરી (પશ્ચિમ), મુંબઈ - ૪૦૦ ૦૫૮. - મોબાઈલ : +૯૧ ૯૯૮૭૨૪૦૪૦૪

ફોન : +૯૧ - ૨૨ - ૨૬૨૮ ૩૭૧૫ - E-mail : secretary@sglm.in - Website : www.sglm.in

## જ્ઞાતિજનોના સરનામા વિશે ખાસ

આથી સર્વે જ્ઞાતિજનોને જાણ કરવાની કે, જે સભ્યોના રહેઠાણના સરનામા બદલાઈ ગયા હોય, તેમ જ અંક કે સરકયુલર ન મળતા હોય, કે ડબલ મળતા હોય તેમને મહાજનશ્રીના કાર્યાલયમાં અંધેરી ખાતે રૂબરૂ અથવા ટપાલ દ્વારા અથવા વોટ્સઅપ પર યોગ્ય સરનામાની જાણ કરવા વિનંતી.

**મોબાઈલ નં. : ૯૯૮૭૨૪૦૪૦૪**

## આપણી જ્ઞાતિના ઉભરતા લેખક ભાઈ-બહેનો માટે

આપના મૌલિક, પ્રગટ - અપ્રગટ સાહિત્ય લેખો, કાવ્ય, લઘુકથા, જ્ઞાતિના કાર્યલયમાં મોકલવા કે જેથી સગવડતા પ્રમાણે આપણા મુખપત્રમાં છાપી વાચકો સુધી પહોંચાડી શકાય. તે માટે નીચે દર્શાવેલ બાબતોની ખાસ નોંધ લેવા વિનંતી.

૧) લખાણ કાગળની એક જ બાજુ પર લખવા વિનંતી.

૨) લખાણ વાંચી શકાય તેવા સુંદર અને સ્પષ્ટ અક્ષરમાં લખવુ જરૂરી.

૩) મોકલનારે પોતાનું નામ, સરનામું, સભ્ય નંબર તથા ફોન નંબર લખવો જરૂરી છે.

૪) લખાણ દરેક મહિનાની ૧૫ તારીખ પહેલા કાર્યાલયમાં મળી જવું જરૂરી છે.

૫) કૃતિઓ, લેખો, કાવ્યો વગેરે ગુણવત્તાના ધોરણે સંપાદક મંડળના નિર્ણયને આધારે જ સ્વીકારાશે. તથા છપાશે, જે માટે કોઈપણ જાતના ખુલાસા કે ચર્ચાનો અવકાશ રહેશે નહીં.


## શ્રી લોહાણા મેરેજ બ્યુરો

-: સમય :-
સોમ થી શનિ :-
૧૦ થી ૧
સાંજે ૪ થી ૭
રવિવાર : ૧૦ થી ૧

વસંતભાઈ ઉનડકટ
મો.: ૯૮૨૦૬ ૪૪૪૭૩
ફોન : ૨૮૦૭ ૪૬૮૧

Abroad India Highly Qualified કુંવારા, સગપણ તુટેલા, ડિવોર્સી, વિધુર, વેલસેટ ફેમીલીના યુવક - યુવતી સંપર્ક.

જી-૬, ધનશ્યામ નગર (બેક સાઈડ), ત્રિકમદાસ રોડ, ભાનુપાર્કની સામે, સિને મેક્સ (સોના ટોકીઝની) બાજુમાં, કાંદિવલી (વેસ્ટ), મુંબઈ - ૪૦૦ ૦૬૭. E-mail : lohanamarriage@gmail.com


## ખાસ નોંધ

પ્રસ્તુત અંકમાં પ્રકાશિત લેખો, મંતવ્યો તથા વ્યક્ત થયેલા વિચારો જે તે લેખકના છે. લેખોમાં પ્રકાશિત માહિતીની જવાબદારી લેખ મોકલનારની અને જાહેરખબરમાં પ્રકાશિત માહિતીની જવાબદારી જાહેરખબર કર્તાની રહેશે. આ માટે મહાજનશ્રી, તેના પદાધિકારીઓ, સભ્યો, મુખપત્રના તંત્રી, સહતંત્રી, સંપાદક, મુદ્રક અને પ્રકાશક જવાબદાર રહેશે નહીં.

શ્રી ઘોઘારી લોહાણા મહાજનશ્રીના મુખપત્ર સંદેશમાં આપના વ્યવસાયની અથવા સૌજન્યની જાહેરખબર આપી જ્ઞાતિના કાર્યમાં સહભાગી થવા વિનંતી.

### જાહેર ખબરના દર

| | | |
|---|---|---|
| ફૂલ પેજ | - ૧૦,૦૦૦/- | - 7.25" x 9.25" |
| હાફ પેજ | - ૬,૦૦૦/- | - 7.25" x 4.50" |
| ક્વાર્ટર પેજ | - ૩,૦૦૦/- | - 3.75" x 4.50" |
| વિઝીટીંગ કાર્ડ | - ૫૦૦/- | - 3.75" x 2.15" |

જાહેર ખબરની રકમ એકાઉન્ટ પેઈડ ચેક દ્વારા **'શ્રી ઘોઘારી લોહાણા મહાજન'** ના નામે અંધેરી ઑફિસે મોકલવા વિનંતી.

## *Stand Up India - Start Up India*

ગૃહઉદ્યોગ, લઘુઉદ્યોગ, લઘુ રોજગાર દ્વારા પોતાના સ્વબળે આગળ અને ઉપર આવવા માગતા સભ્યોએ પોતાની યોગ્યતા પ્રમાણે તથા જરૂરિયાત મુજબ જરૂરી દસ્તાવેજો સાથે મહાજનશ્રીના કાર્યાલયમાં અંધેરી ખાતે શ્રી મનોજભાઈ ગઢીયાનો સંપર્ક કરવો.

આપણા સમાજના સભ્યોના પરિવારના શુભ તથા અશુભ પ્રસંગોની નોંધ આપણા મુખપત્રમાં અનુકૂળતા અનુસાર વિનામૂલ્યે છાપવામાં આવશે, માહિતી ટૂંકમાં મોકલવા વિનંતી છે.

આ મુખપત્રમાં છપાયેલ માહિતી, લેખો, તથા અન્ય વિગતો મુખપત્રના પ્રકાશક, તંત્રી, કે લેખકની લેખિત પરવાનગી વગર અન્યત્ર છાપવી નહીં.

# યાત્રા પ્રવાસ



દર વર્ષની જેમ આ વર્ષે પણ ફેબ્રુઆરી મહિનામાં તારીખ ૧૧ થી ૧૬ ફેબ્રુઆરી સુધી યાત્રા પ્રવાસનું આયોજન અનમોલ ટ્રાવેલ્સવાળા મનોજભાઈ સોનીના સથવારે કરવામાં આવ્યું હતું.

આ યાત્રા પ્રવાસમાં કુલ ૭૩ જણાએ ભાગ લીધો હતો. આ વર્ષે હૈદ્રાબાદ, સિકંદરાબાદ, રામોજી ફિલ્મ સીટી તથા મલ્લિકાર્જુનમ્ (શિવલીંગ)ની યાત્રા કરાવવામાં આવી હતી.

સૌ પ્રથમ હૈદ્રાબાદ પહોંચ્યા તો બધાના આનંદ વચ્ચે બધાનું સ્વાગત કરવા આપણા ટ્રસ્ટી શ્રી જનકભાઈ ઠક્કર હાજર રહ્યા હતા.

આ યાત્રામાં એક ૮૨ વર્ષના માજી વિમળાબેન કારીયા તથા એક અપંગ સભ્ય શ્રી દિનેશભાઈ વસાણીને વ્હીલચેરમાં યાત્રા કરાવી હતી. ટ્રાવેલ્સવાળાનું આયોજન સારું હતું.

સૌને ટ્રેનમાં એ.સી. ટુ ટાયર તથા ૩ ટાયરમાં યાત્રા કરાવી હતી. અને હૉટલોમાં રહેવાનું તથા જમવાનું પણ આયોજન સારૂં હતું.

આ યાત્રામાં શ્રી હસમુખભાઈ વજાણી, શ્રી ધીરૂભાઈ તન્ના તથા શ્રી કમલેશભાઈ વડેરાનો સારો સાથ-સહકાર મળ્યો હતો. સમગ્ર યાત્રા-પ્રવાસ સારી રીતે પૂરો થવાનો યશ શ્રી દેવેન્દ્રભાઈ સોમૈયાને જાય છે.

આ યાત્રામાં ૫૧ સીનીયર સીટીઝન તથા ૨૨ રજીસ્ટર્ડ સભ્યો જોડાયા હતા. નયનાબેન દાવડાએ સીનીયર સીટીઝન સભ્યોની સેવા કરી હતી.









POOJA™

Beautifully Yours

YOUR ONE STOP DESTINATION FOR FASHION JEWELLERY AND ACCESSORIES

• Mulund - Tel.: 25928189 • Borivali - Tel.: 2899819 • Andheri (W) - Tel.: 2639 8191
• Bandra - Tel.: 2605 8191 • Ghatkopar - Tel.: 21028191 • Vashi - Tel.: 2780 8191
• Dadar - Tel.: 24368191 • Mira Road - Tel.: 28118191 • Fort - Tel.: 2207 3531 • Churchgate - Asiatic Department store.

Print Master

Chic Ethnics

BHARAT SEJPAL
+91 - 7738238623
+91 - 8779618302

AVNI DESIGNS
202, Chintamani Kutir,
Plot No. 504, Azad Road,
Near Swami Narayan
Atithi Bhavan,
Vile Parle (East),
Mumbai - 400 057. INDIA
Tel.: 91-22-2613 3184
91-22-2615 3336
91-22-2612 6111
Fax : 91-22-2618 5007
E-mail : avnidesi@vsnl.com
avnidesi@mtnl.net.in
avnidesi@gmail.com


## મીસ્ડકોલ સર્વિસ

મહાજનશ્રીના સભ્યોને આપણા મહાજનની પ્રવૃત્તિઓની જાણ એસ.એમ.એસ. દ્વારા થઈ શકે તે માટે મહાજનશ્રી દ્વારા મીસ્ડકોલ સર્વિસ ચાલુ કરવામાં આવેલ છે. સભ્યોએ નીચે જણાવેલ નંબર પર પોતાના મોબાઈલમાંથી એક મીસ્ડકોલ ૦૨૨૬૮૧૪૯૬૬૦ નંબર પર આપવાનો રહેશે. આપનો નંબર ત્યાં રજીસ્ટર થઈ જશે અને આપને દર વખતે મહાજનની પ્રવૃત્તિઓ તથા કાર્યવાહીની જાણ એસ.એમ.એસ. દ્વારા થશે.


JATIN V. POPAT
Cell : 9223432745

MITHUN J. THAKKAR
Cell : 9223508909
9820004830

HETAL CHEM IMPEX
PRABHAT TRADING CO.

Importers & Dealears In Chemicals & Solvents

Off.: New Anant Bhuvan, Office No. 306, 3rd Floor, 257/265, Narshi Natha Street, Bhat Bazar, Masjid Bunder (West), Mumbai - 400 009. INDIA
Tel.: (O) 91 - 22 - 49032121
Fax : 91 - 22 - 4903 2131 / 4903 2132
E-mail : sales@hetalchem.com
Website : www.hetalchem.com

# આયુષ્યમાન ભારત યોજના

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીના મુખ્ય કાર્યમાં આ યોજનાને પ્રાધાન્ય અપાયું છે. આ યોજનાથી ૧૦ કરોડથી પણ વધારે પરિવારોના લગભગ ૫૦ કરોડ લોકોનો વિના મુલ્ય ઈલાજ થવો શક્ય બન્યો છે.

**ક્યા કુટુંબોનો આ યોજનામાં સમાવેશ થાય?**

આ યોજના અંતર્ગત ૧૦ કરોડ પરિવારોની પસંદગી ૨૦૧૧ની જનગણના યોજનાના આધાર પર થઈ છે. આધાર નંબર મુજબ તેમની પસંદગી કરાઈ અને તેની યાદી તૈયાર થઈ છે. આ યોજના અંતર્ગત તૈયાર થયેલ યાદી ઉપરાંત કોઈ પણ જાતના ઓળખ પત્રની જરૂરત નહીં પડે.

**આપનું રજીસ્ટ્રેશન થયું છે કે નહીં તે કઈ રીતે જાણી શકાય?**

વર્ષ ૨૦૧૧ની જનગણના પ્રમાણેની ગરીબી રેખા હેઠળના લોકોનો આમાં સમાવેશ કરવામાં આવ્યો છે. આ યોજનામાં આપનું નામ આ યાદીમાં છે કે નહીં તે જાણવા માટે આપ **mera.pm.jay.gov.in** માં લોગ ઈન કરીને ચેક કરી શકશો. સૌથી પહેલા ઉપરની વેબસાઈટમાં લોગ ઈન કરો. ત્યાં તમને એક બોકસ દેખાશે, ત્યાં આપનો આધાર કાર્ડમાં આપેલો મોબાઈલ નંબર નાખો. આપને આપનો મોબાઈલ નંબર પર ઓ.ટી.પી. (એક વખતનો પાસવર્ડ) આવશે. આ ઓ.ટી.પી. નાંખતા જ આપને ખબર પડશે કે આપનું નામ આ યાદીમાં છે કે નહીં? આ ઉપરાંત ફોન નં. : ૧૪૫૫૫ પર ફોન કરીને પણ જાણી શકાય કે, આપનું નામ આ યાદીમાં સામેલ છે કે નહીં? આ ઉપરાંત આપની નજદીકની સરકારી હૉસ્પીટલમાં જઈને પણ તપાસ કરી શકાય કે આપનું નામ આ યાદીમાં છે કે નહીં.

**આ યોજના અંતર્ગત હૉસ્પિટલમાં શું લાભ મળી શકે?**

આ યોજના અંતર્ગત બીમાર વ્યક્તિએ હૉસ્પીટલમાં દાખલ થયા બાદ, પોતાના વિમાના કાગળો રજુ કરવા પડે. આપના દસ્તાવેજ તપાસીને હૉસ્પીટલ લાગતી વળગતી વિમા કંપનીને તેની જાણ કરશે અને વીમા કંપની આપના દસ્તાવેજ તપાસીને તેની પુષ્ટિ કરશે, જેથી આપનો ઈલાજ વિના મુલ્યે થઈ જશે. આ યોજના અંતર્ગત બીમાર વ્યક્તિ ફકત સરકારી હૉસ્પીટલમાં જ નહીં પણ ખાનગી હૉસ્પીટલમાં પણ ઈલાજ કરાવી શકશે. ખાનગી હૉસ્પીટલને આ યોજનામાં સામેલ કરવાનું કાર્ય શરૂ થઈ ચુક્યું છે. જેથી સરકારી હૉસ્પીટલોમાં વધારે પડતી ગર્દી ના થાય. આ યોજના હેઠળ સરકાર દેશભરમાં દોઢ લાખથી પણ વધારે હેલ્થ અને વેલનેસ સેંટર ખોલશે. જ્યાં નિઃશુલ્ક જાત તપાસ તથા ઔષધી ઉપલબ્ધ થશે.

**શું આધાર કાર્ડ સિવાય આનો લાભ મળશે?**

આયુષ્યમાન ભારત યોજના માટે આપને આધાર કાર્ડની જરૂરત નથી. સુપ્રિમ કોર્ટના આદેશાનુસાર કોઈપણ સરકારી યોજનાનો લાભ લેવા માટે આધાર કાર્ડ ફરજીયાત નથી.

**કઈ બીમારીનો ઈલાજ થઈ શકે?**

આ યોજના હેઠળ ગર્ભવતી સ્ત્રીઓને ગર્ભાવસ્થા દરમ્યાન તથા ડિલીવરી ખર્ચ, નવજાત શીશું તથા બાળકોના સ્વાસ્થ્ય સંબંધિત, કિશોર વયના લોકોની સ્વાસ્થ્ય સુવિધા, ગર્ભ નિરોધક સુવિધા, ચેપી તથા બિનચેપી રોગોપચાર, આંખ, કાન, નાક અને ગળાના રોગો માટે અલગ યુનીટની વ્યવસ્થા ઉપલબ્ધ છે. ઉંમરલાયક સ્ત્રી / પુરૂષોના ઈલાજની પણ ખાસ વ્યવસ્થા છે.

**કયા રાજ્યોમાં કેટલા સેંટર છે?**

આમાં બે હિસ્સા છે. પહેલા ચરણમાં ૧૦.૭૪ લાખ પરિવારોને ૫ લાખ રૂપિયા સુધીની વિમા સુવિધા નિઃશુલ્ક પુરી પાડવી અને બીજા ચરણમાં વેલનેસ હેલ્થ સેંટરને આવરી લેવાય છે. આમાં દેશભરના પ્રાથમિક સ્વાસ્થ્ય કેન્દ્રોને જોડી લેવાશે. આ સેંટરો પર નિઃશુલ્ક ઈલાજની સાથે-સાથે નિઃશુલ્ક ઔષધી પણ ઉપલબ્ધ કરાશે. આ યોજના અંતર્ગત છત્તીસગઢ રાજ્યમાં ૧,૦૦૦, ગુજરાત રાજ્યમાં ૧,૧૮૫, રાજસ્થાનમાં ૫૦૫, ઝારખંડમાં ૬૪૬, મધ્યપ્રદેશમાં ૭૦૦, મહારાષ્ટ્રમાં ૧,૪૫૦, પંજાબ રાજ્યમાં ૮૦૦, બિહારમાં ૬૪૩, હરિયાણા રાજ્યમાં ૨૫૫ સેંટર્સની સુવિધા ઉપલબ્ધ કરવામાં આવી છે.

ખરેખર, એક દયાળુ અને પરગજુ રાજ્યકર્તા જ પોતાની પ્રજાના સ્વાસ્થ્યની કાળજી લઈ શકે અને આ કાર્ય આપણા માનનીય પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીજીએ જાતે ધ્યાન આપીને પાર પાડયું છે. જે બદલ તેઓ ધન્યવાદના આભારી છે.

– રમેશ હરીલાલ ગઢીયા

## શ્રી લોહાણા વિદ્યાર્થી ભવન - અંધેરી

શ્રી લોહાણા વિદ્યાર્થી ભવન, અંધેરી - શૈક્ષણિક વર્ષ ૨૦૧૯-૨૦૨૦ માટે જુનિયર કૉલેજ તથા ડિગ્રી કૉલેજના વિદ્યાર્થીઓને સંસ્થામાં પ્રવેશ મેળવવા માટે પ્રવેશ પત્ર સંસ્થાની ઑફિસ માંથી તારીખ ૧૬.૦૪.૨૦૧૯ થી સવારના ૧૦.૦૦ કલાકે થી બપોરે ૧.૦૦ કલાક સુધી અને સાંજના ૪.૦૦ કલાકે થી સાંજે ૬.૦૦ કલાક દરમ્યાન મળશે. પ્રવેશ પત્ર સંપૂર્ણ માહિતી સાથે તારીખ ૩૧.૦૫.૨૦૧૯ સુધીમાં સંસ્થાની ઑફિસમાં મોકલીઆપવું.

અધૂરી વિગતવાળા ફોર્મ ન મોકલવા વિનંતી. પ્રવેશપત્ર નીચેના સરનામે મોકલવા.

**શ્રી લોહાણા વિદ્યાર્થી ભવન - અંધેરી**

મોતીબાગ, ૧૧૮/૧૧૯, સ્વામી વિવેકાનંદ રોડ,

અંધેરી (પશ્ચિમ), મુંબઈ - ૪૦૦ ૦૫૮.

## નોકરી માટે માર્ગદર્શન

નોકરીની જરૂરિયાતવાળા મહાજનના સભ્યોને જરૂરિયાત તથા લાયકાત પ્રમાણે નોકરી મેળવવામાં મદદ કરવામાં આવશે. નોકરીની જરૂરિયાતવાળા મહાજનના સભ્યો, ભાઈઓ તથા બહેનોએ પોતાનો સંપૂર્ણ બાયોડેટા, ફોટા સાથે મહાજનની અંધેરી ઑફિસે જમા કરવા.

**સંપર્ક : મોબાઈલ : ૯૯૮૭૨૪૦૪૦૪**

## ખાસ નોંધ

જે સભ્યોને હૉસ્પિટલ ખર્ચ માટેની મદદ જોઈતી હોય તેમણે હૉસ્પિટલમાં દાખલ થનાર સભ્યનું નામ, ઉંમર, સભ્ય ક્રમાંક, રોગની વિગતો, હૉસ્પિટલનું નામ, એડ્રેસ આ બધી જ વિગતો દર્દીને દાખલ કરે તે જ દિવસે વોટ્સએપ દ્વારા મોબાઈલ નંબર - ૯૯૮૭૨ ૪૦૪૦૪ પર મેસેજ દ્વારા મોકલવો ફરજીયાત છે. આ પ્રકારના સંદેશ વગરનો કોઈપણ કલેઈમ સ્વીકારવામાં આવશે નહીં.


**Vajani Wealth Management**

Vajani Securities Pvt. Ltd.

Services offered by Vajani Wealth Management

- Equity
- Mutual Funds
- Portfolio Management Services
- IPOs
- Fixed-Income
- Private Equity
- Alternate Investment Funds
- Real Estate Funds

301/302, Sangam Arcade, Vallabhai Patel Road,
Vile - Parle (W), Mumbai - 400 056,
Contact: 022-26127723, 9987053355. Email: info@vajani.in

# શ્રી લોહાણા યુવક મંડળ – મુંબઇ (અંધેરી-પાર્લા)



## કાર્યક્રમ નં. – ૧ – એક દિવસીય પર્યટન

રવિવાર, તારીખ ૨૦મી જાન્યુઆરી ૨૦૧૯ના રોજ સાઈલેન્ટ રીસોર્ટ ખાતે એક દિવસીય પર્યટનનું આયોજન કરવામાં આવ્યું હતું. તે કાર્યક્રમ સફળતા પૂર્વક સંપન્ન થયો. લગભગ ૪૦-૪૫ સભ્યોએ પર્યટનમાં ભાગ લીધો હતો. સવારે ૭.૦૦ કલાકે થોડા સભ્યોએ અંધેરી સ્ટેશનથી બસમાં મુસાફરીની શરૂઆત કરી હતી અને બાકીના સભ્યો બોરીવલી ખાતેથી બસમાં જોડાયાં હતાં. હસતા-ગાતા દરેકે દરેક સભ્યો લગભગ સવારે ૯.૩૦ કલાકે સાઈલેન્ટ રીસોર્ટ પહોંચ્યા હતાં.

ત્યાં પહોંચીને સર્વેએ સવારના ચા-કૉફી તથા નાસ્તાની લહેજત માણી હતી. સર્વેએ સાથે મળીને આનંદ કર્યો અને સ્વીમીંગ પણ કર્યું. ત્યારબાદ બપોરના સ્વાદિષ્ટ જમણની મજા લીધા બાદ અમુક પર્યટકોએ આરામ કર્યો અને બાકીના પર્યટકોએ ક્વીઝ ગેમ, હાઉસી વગેરે રમતો રમી આનંદ કર્યો હતો. અને લગભગ સાંજે ૪.૩૦ કલાકે સર્વે સભ્યોએ સાથે મળીને સાંજના ચા-કૉફી અને નાસ્તાને ન્યાય આપ્યો. અને લગભગ સાંજે ૫.૩૦ કલાકે પાછા ઘર તરફ પ્રયાણ કર્યું. હસતા-રમતા, ગાતા-નાચતા ફરી પાછા બસનો પ્રવાસ શરૂ કર્યો. અને આખા દિવસની ખુશનુમા પળોને વાગોળતા - વાગોળતા સર્વે પાછા ફર્યાં.

આ એક દિવસીય પર્યટનની સફળતાનું શ્રેય મંડળના પ્રમુખ શ્રીમાન જયેશભાઈ જોબનપુત્રા તથા કારોબારીના દરેક સભ્યોના સંપૂર્ણ સહકારને જાય છે.

## કાર્યક્રમ નં. – ૨ – મ્યુઝીકલ નાઈટ

તારીખ ૨૨મી ફેબ્રુઆરી શુક્રવાર ૨૦૧૯ના રોજ સાંજે ૮.૦૦ કલાકે દિનાનાથ મંગેશકર હૉલ ખાતે કલ્યાણજી-આણંદજી મ્યુઝીકલ નાઈટ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું જે સફળતા પૂર્વક સંપન્ન થયો.

કાર્યક્રમની શરૂઆત દિનાનાથ મંગેશકર હૉલ ખાતે લગભગ રાત્રે ૮.૩૦ કલાકે થઈ હતી. જેમાં રૂા. ૫૦૦/- ની વ્યક્તિ દીઠ ટીકીટનું યુવક મંડળના સહયોગથી, રૂા. ૧૫૦/-



ના દરે વિતરણ કરવામાં આવ્યું હતું. કુલ ૧૫૦ સભ્યોએ આ કાર્યક્રમનો આનંદ લીધો હતો.

ઓરકેસ્ટ્રા મંગેશ લાડ અને સાથીદારોના સહયોગથી કલ્યાણજી - આણંદજીના સંગીતબધ્ધ હિન્દી ફિલ્મી ગીતોનો સભ્યોએ રાત્રે ૧૨.૩૦ કલાક સુધી આનંદ માણ્યો હતો.

આ કાર્યક્રમની સફળતાનું શ્રેય મંડળના પ્રમુખ શ્રીમાન જયેશભાઈ જોબનપુત્રા તથા કારોબારીના દરેક સભ્યોના સંપૂર્ણ સહકારને જાય છે.

## શ્રધ્ધાંજલી



ડૉક્ટર સૂર્યાબેન જયંતીલાલ રૂપારેલીયાનો જન્મ તારીખ ૦૬.૦૨.૧૯૪૭ના રોજ થયો હતો. તેમનું મૂળ વતન ધારી હતું. સ્વ. શ્રી જયંતીલાલ ત્રિભોવનદાસ રૂપારેલીયા તથા સ્વ. શ્રીમતી ચતુરાબહેનના ૧૧(અગિયાર) સંતોનામાંના ચોથા સંતાન હતાં.

તેમનું **MBBS** સુધીનું શિક્ષણ મુંબઈમાં ભવન્સ કૉલેજ, મુંબઈ તથા લોકમાન્ય તિલક મ્યુનીસીપલ મેડીકલ કૉલેજમાંથી થયું હતું. આપે **DGO** ગાયનેકોલોજીનું શિક્ષણ પૂર્ણ કર્યું હતું. તેઓ એક સફળ ગાયનેકોનોલોજી ડૉક્ટર હતાં. અને તેમની પોતાની 'ડૉ. સૂર્યા નર્સિંગ હોમ' નામની હૉસ્પીટલ હતી.

સ્વભાવે ખૂબ જ માયાળુ, નમ્ર અને મિલનસાર એવા ડૉ. સૂર્યાબહેન શ્રી ઘોઘારી લોહાણા મહાજનના ટ્રસ્ટી તરીકે નિમાયા હતા. અને પૂર્ણ નિષ્ઠાથી પોતાની ફરજ નિભાવી હતી. શ્રી ઘોઘારી લોહાણા મહાજન પ્રત્યે તથા સમાજના બાંધવો પ્રત્યે તેમને ખૂબ જ માયા હતી. આપણી અંધેરીની વાડીમાં અપાતી નિઃશુલ્ક દવાઓ માટે તેમણે એક 'રેફરીજરેટર'નું દાન આપ્યું હતું.

લગભગ છેલ્લા ૧૭ મહિનાથી તેઓ દર મહિને રૂા. ૧૧,૦૦૦/- ની સહાય મોકલતા હતા. આપણા મહાજનશ્રીની તબીબી કમિટીના તેઓ મુખ્ય કન્વીનર હતા અને તબીબી સહાય ક્ષેત્રે તેમનું અમુલ્ય યોગદાન રહ્યું હતું.

તેમના પરિવારમાં પુત્ર સૂર્યસેન અને ચંદ્રસેન તથા પુત્રી હિમાંશીબહેન છે. પરમ કૃપાળુ પરમાત્મા આવા પૂણ્યાત્માને શાશ્વત શાંતિ આપે એ જ પ્રાર્થના કરીએ છીએ.

## આગામી કાર્યક્રમ



ભાગવત ભક્તિના પ્રચાર સાથે જ્ઞાન-વૈરાગ્યને પુષ્ટ કરવા પૂજ્યપાદ ગો. ૧૦૮ શ્રી યદુનાથજી મહોદયશ્રી (કડી-અમદાવાદ) ના મધુરકંઠે કથામૃત પાન કરવા શ્રીમદ્ ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞનું આયોજન નવેમ્બર ૨૦૧૯માં કરવામાં આવેલ છે.

**: વધુ વિગત માટે સંપર્ક :**

| | |
|---|---|
| શ્રીમતી અનસુયાબેન ઠક્કર | - ૯૩૨૨૨૬૦૫૧૪ |
| શ્રીમાન મહેશભાઈ રાજા | - ૯૮૨૦૫૧૮૦૦૦ |
| શ્રીમાન દેવેન્દ્રભાઈ સોમૈયા | - ૯૮૨૧૦૦૯૩૩૯ |
| શ્રીમાન જયેશભાઈ જોબનપુત્રા | - ૯૮૨૦૩૬૪૮૧૮ |

શ્રી ઘોઘારી લોહાણા મહાજનશ્રી દ્વારા મહાજનશ્રીએ ઠરાવેલ વિસ્તાર મુજબના જ્ઞાતિજનોને આર્થિક સહાય, શૈક્ષણિક સહાય તથા સ્વાસ્થ્ય (મેડિકલ) સહાય આપવામાં આવે છે. આ ઉપરાંત અન્ન સહાય પણ આપવામાં આવે છે.

જે પણ સભ્યોને એપ્રિલ ૨૦૧૯ થી માર્ચ ૨૦૨૦ સુધી કોઈપણ સહાય જેવી કે આર્થિક, શૈક્ષણિક, તબીબી વગેરે લેવી હોય તેમણે **KYM** ફોર્મ પુરૂં ભરીને નીચે જણાવેલ બધા જ ડૉક્યુમેન્ટ સાથે મહાજનશ્રીની ઑફિસમાં સમયસર જમા કરાવવા. જે માટેના જરૂરી ફોર્મ આપણી અંધેરીની વાડીના કાર્યાલયમાંથી પૂર્ણ વિગત સાથે ભરી જરૂરી દસ્તાવેજો સાથે ઑફિસમાં આપી જવા. નીચેના ફોન નંબર પર સંપર્ક કરવા વિનંતી. ઑફિસ - ૦૨૨-૨૬૨૮૩૭૧૫, મોબાઈલ - ૯૯૮૭૨ ૪૦૪૦૪.

૧) છેલ્લા ૬(છ) મહિનાના ઈલેક્ટ્રીક બીલ.

૨) છેલ્લા છ મહિનાના ટેલિફોનના બીલ.

૩) છેલ્લા છ મહિનાના મેઈનટેનન્સ બીલ.

૪) ઘરના દરેક દરેક સભ્યોની છેલ્લા ૬(છ) મહિનાની પાસ બુક.

૫) દરેક સભ્યના પેનકાર્ડ, આધાર કાર્ડની કોપી તથા ફોટા.

૬) આવકનું પ્રમાણપત્ર અને **ITR** ની કોપી.

**નોંધ** : ઉપર જણાવેલ ડૉક્યુમેન્ટમાંથી કોઈપણ ડૉક્યુમેન્ટ નહી હોય તો અથવા ફોર્મમાં પૂરી વિગતો નહીં ભરાઈ હોય તો ફોર્મ રદ બાતલ ગણાશે.

# CRICKET રમત – ગમત વિભાગ CRICKET

શ્રી ઘોઘારી લોહાણા મહાજનની ક્રિકેટ ટીમે આ વર્ષે પણ મિડ ડે ક્રિકેટ ટુર્નામેન્ટમાં ભાગ લીધો હતો.

૧લી મેચમાં આપણા શ્રી જયરાજભાઈ ઠક્કરે ૩૨ બોલમાં ૫૫ રન કર્યા હતા. ૩જી મેચમાં આપણા શ્રી સુજય ઠક્કરે ૧લી ઓવરમાં ૪૦ રન બનાવીને એક નવો રેકોર્ડ બનાવ્યો હતો.

કલ્યાણના આપણા ઑલ રાઉન્ડર મિત સામાણીને 'મેન ઑફ ધ મેચ એવાર્ડ' મળેલ.

આ વર્ષે આપણે **KPL -** કપોળ પ્રિમિયર લીગ ક્રિકેટ ટુર્નામેન્ટમાં પણ ભાગ લીધો છે.

૧લી મેચમાં આપણા નવા ટીમ મેમ્બર ડૉ. વિદ્યુત સોઢાએ ૨૫ બોલમાં ૫૦ રન બનાવીને 'મેન ઑફ ધ મેચ'નો એવોર્ડ મેળવ્યો છે. આ મેચમાં આપણી જીત થઈ હતી. અને ૨જી મેચમાં પણ આપણી ૭૦ રનથી જીતી થઈ હતી. અમન સુરૈયાને 'મેન ઑફ ધ મેચ' નો એવોર્ડ મળેલ છે. કવોટર ફાઈનલમાં પણ જીત થઈ છે. અમિત ઠક્કરે 'મેન ઑફ ધ મેચ' એવોર્ડ મેળવ્યો છે.

**KPL - માં પ્રથમ વખત આપણી ટીમ સેમી ફાઈનલ રમશે.**








## SGLM CRICKET TEAM ના નવા ખેલાડીઓ


ડૉ. વિદ્યુત સોઢા


ડૉ. ઈશાન ઠક્કર


અમિત ઠક્કર


આકાશ ઠક્કર


કવન વસાણી




When it's a matter of beauty and grace, there is always a need for a special touch of the extraordinary, to bring out the elegance within. This is where we come in. With over two decades of experience in the manufacture and export of a wide range of superior quality Beads, Chatons, Cup Chains, Hot Fix etc., Art Group has become a name to be reckoned with, both in the domestic and international market.

OUR PRODUCT RANGE

- Glass Seed Beads
- Pressed Glass Beads
- Fire Polished Faceted Glass Beads
- Machine Cut Glass Beads
- Machine Cut Loch Roses
- Machine Cut Chaton Roses (Hotfix)
- Machine Cut Chatons
- Brilliant / Extra Brilliant Chatons
- Fire Polished Moulded Chatons
- Cup Chains
- Sew on Cups



Art Group's products help embellish

• Fashion Jewellery • Hair Accessories • Garment Embellishments • Prayer bead chains and strings • Handicrafts • Ladies handbags and other fashion accessories • Decorative items • Trimmings • Footwear • Light Fittings • Curtains • Body Tattoos • Cell Phones • Laptops and other electronic devices.

Parent Brand KRUPA™

ART GROUP™

Head Office : 5/32, 2nd Panjrapole Lane, C.P. Tank Road, Mumbai 400004, India
Tel. - +91-22-2242 6064 / +91-22-2242 6080 | Fax - +91-22-2242 3376 | E-mail: sales@artgroupindia.com | Web : www.artgroupindia.com



MUMBAI'S BIGGEST FURNISHINGS SHOWROOM

ESTD. 1971

OSAKA™

SPIRIT OF FURNISHINGS

OSAKA FURNISHINGS LIMITED

www.osakafurnishings.com

Most trusted name since 1971 for exclusive furnishings and home linen.
More than 1 lac satisfied customers from world over.
All major brands available

SOFA FABRICS - CURTAIN FABRICS - UPHOLSTERIES - READY-MADE CURTAINS - LINEN
MATTRESSES - DESIGNER BEDSHEETS - CARPETS - PILLOWS - CUSHION COVERS

MAKE TO ORDER SOFA SETS & STITCHING FACILITY AVAILABLE.
EXCLUSIVE PACKAGES FOR INTERIOR DESIGNERS , BUILDERS & NEW HOME BUYERS

*Conditions apply



we are looking for young people from our community for career opportunity with us in slaes and marketing - pls call on 9769625425

| Vile Parle (W) | Borivali (W) | Virar (W) | Rajkot (W) |
|---|---|---|---|
| Opp Mc Donald, Nirmal, Dashrathlal Joshi Marg. | Next to Poiser Bus Depot, S.V. Road. | Yeshwant Vihar Complex, Near M.G.M. School, Bolinj Road. | Destination Plus, Amin Marg (Sunday Close) |
| Tel : 26146008 / 26122124 | Tel : 28612945 /46/55/56/59 | Tel : 0250- 2511009, 9028002929 | Mob : 09227263513 |

# Centralised location for Pilgrims & Tourists



## Khimji Bhagwandas Arogya Bhavan



Khimji Bhagwandas Arogyabhavan is strategically located on the banks of the holi river, in Panchavati.This place is known for pilgrimage & has significant religious significance for Hindus with a temple complex on the bend of the Godavari river, which includes Kalaram Temple.
Driving distance from highway (Dwarka Naka) is approx 10min.

**Profit if any earned from this Arogya Bhavan is utilized for Charity purpose**

### Key features

* 14 Air conditioned rooms with attached bathroom with hot & cold water.
* 2 Air conditioned Banquet halls measuring about 4000 sq.ft. each.
* Room charges per day - Rs 1950/- plus taxes for 2 pax which include complimentary Breakfast, lunch, evening tea & dinner.
* Extra person in room - Rs 800/-plus taxes for each pax which include complimentary Breakfast, lunch, evening tea & dinner. (maximum 2 pax )
* Room for Lohana community - Rs 1500/- plus taxes per day for 2 pax which include complimentary Breakfast, lunch, evening tea & dinner and Extra person in room - Rs. 500/- plus taxes for each pax.
* Car parking and Driver Charges Extra.

## For information & reservation

Sardar Chowk, Muthe Gali, Panchvati, Nasik - 422003
Tel : +91 253 2512724 / 2510426, +91 8928289929 Fax : +91 253 2512724
Email ID : khimjibhagwandas@gmail.com Web : www.khimjibhagwandascharitytrust.org

**From :**

**Shree Ghoghari Lohana Mahajan - Mumbai**
Lohana Bhavan, Paliram Road, Andheri (West), Mumbai - 400 058.

On behalf of Shree Ghoghari Lohana Mahajan - Mumbai Printed & Published by Shri Satish Dhirajlal Vithalani and Edited by Ramesh Harilal Gadhia and Printed by Vishal Thakkar - Thakkar Creation, 1, New Jalaram Niketan, M. D. Corss Road, Kandivali (E), Mumbai - 400 101. Mob.: 9869287966 & Published at Lohana Bhavan, Paliram Road, Andheri (West), Mumbai - 400 058.